# મહે. ત્રીજા એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. અમદાવાદ(ગ્રામ્ય)

**ફોજદારી કેસ નંબર:–** ૧૭૪/૨૦૨૦

**આંક :–**

શ્રી સરકાર . ......ફરીયાદી.

વિરુધ્ધ

પરાગ જયંતીભાઈ રાજપાલ

.......આરોપી

ગુન્હો :– પ્રોહી. કલમ– ૬૬(બી),૬૫(એ)(એ) મુજબ....

**<u>–: ઠ રા વ :–</u>**

૧) આ કામના આરોપી સામે હાલના ગુન્હા સબબ ફરીયાદ કરવામાં આવેલ હતી. અને તપાસના અંતે સદર ગુન્હાનું ચાર્જશીટ રજુ કરવામાં આવ્યું છે. આરોપીને સમન્સ કાઢતા આરોપી હાજર થતાં. આરોપીને તેની સામેના પોલીસ તપાસના કાગળોની નકલો સી.આર.પી.સી. કલમ–૨૦૭ મુજબ વિના મૂલ્યે પુરી પાડવામાં આવી હોવાની ખાત્રી કરી. આરોપી ધ્વારા ગુન્હો કબુલ કર્યા અંગેની પુરસીસ રજુ રાખવામાં આવેલ છે. તેથી આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવતાં આરોપીએ સ્વેચ્છાએ ગુન્હો કબુલ કર્યો છે. અને રજુઆત કરી છે કે, તેઓની શુધ્ધબુધ્ધિની શરતચૂક થઈ જવા પામી છે. ગુન્હો કર્યા બાદ તેને પારાવાર પસ્તાવો થાય છે, તેનો આ પ્રથમ ગુન્હો છે. આરોપી પ્રત્યે સજા ભોગવવાનો હુકમ કરવામાં દયા દાખવવા તેણે રજુઆત કરી છે. આરોપીએ રજુ કરેલ ગુન્હા કબુલાતી પુરશીશની હકીકતો તેને વાંચી, સંભળાવી, સમજાવવામાં આવી. આરોપી ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી, ગુન્હો કબુલ કરવાથી કાયદાથી નકકી થયેલ સજા, દંડ ભોગવવાનો તેને હુકમ કરી શકાય છે તેવી સ્પષ્ટ સમજ આપવામાં આવી છે. આરોપી સ્વૈચ્છિક રીતે કબુલાત કરતા હોય તેની કબુલાત આ અદાલતે સ્વીકારેલ છે. જેથી આરોપીની સ્વૈચ્છિક

કબુલાત, ગુન્હાની સજા તથા કેસના  સંજોગો વિગેરે ઘ્યાને લેતાં, આરોપીની સ્વૈચ્છિક કબુલાત ગ્રાહય રાખી નીચે મુજબ હુકમ કરવાથી ન્યાયનો હેતુ જળવાશે તેવા નિર્ણય ઉપર આવી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરૂં છું.

**<u>-: હુ ક મ :-</u>**

૧) આ કામના આરોપી પરાગ જયંતીભાઈ રાજપાલને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૫૨ મુજબ પ્રોહી. કલમ- ૬૬(બી), ૬૫(એ)(એ) હેઠળ રૂા.૧૦૦ /-  દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન ૫ ની સાદી કેદની સજા ભોગવવાનો  હુકમ કરવામાં આવે છે.

આરોપીના જામીન તથા મુચરકા રદ કરવા.

અપીલ સમય વિત્ય મુદામાલ નો નાશ કરવો.

આજરોજ તારીખ, ૧૧ મી, માહે: ફેબ્રુઆરી, સને: ૨૦૨૩ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ :-૧૧/૦૨/૨૦૨૩
સ્થળ  :-અમદાવાદ(ગ્રામ્ય)

(મહેમુદ ઉસ્માન કુરમાની)
U.Id.code no.GJ01012
ત્રીજા એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ(ગ્રામ્ય), મીરઝાપુર